**HASMUKH D. LAKHANI**
*B. Com. LL.B., Advocate (Gujarat High Court)*
*Mob. 92272 41851 - 94288 41851*
Vinayak Plaza-1, 2nd Floor, Office No. 32, Opp. Municipality, Rajendrabhuvan Road,
Veraval-362 265 Dist. Gir Somnath Tel. (02876) 241851 E-mail : lakhanihasmukh@yahoo.com

**પ્રતિશ્રી**
**અભય ભાગીદારી પેઢીના ભાગીદારો**
**(૧) કમલેશ નંદલાલ ગઢીયા રહે. વેરાવળ**
**(૨) પ્રકાશ રમેશભાઈ તન્ના HUF ના કર્તા પ્રકાશ રમેશભાઈ તન્ના**
રહે. વેરાવળ

**બાબત :–** ટાઈટલ કલીયર સર્ટીફીકેટ

**વિષય :–** ગુજરાત રાજયના ગીર–સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના શહેર વેરાવળમાં નગરપાલીકા હદમાં ટી.પી.સ્કીમ નં. ૨ અંતિમખંડ નં. ૬૮ માં સમાવિષ્ટ થયેલ સીટી સર્વે બ્લોક જુ.દ.બ. સીટી સર્વે નં. ૨૪ પૈકી ચો.મી. ૫૫૭.૬૨ પૈકી દક્ષિણ તરફની જમીન ચો.મી.૨૭૧.૧૬ ખુલ્લા પ્લોટવાળી સ્થાવર મિલ્કત માં બંધાઈ રહેલ "અભય" નામનું બહુમાળી બિલ્ડીંગ

આથી હું નીચે સહી કરનાર **શ્રી હસમુખ ડી.લખાણી** એડવોકેટ રહે. વેરાવળ તે હું ઉપર દર્શાવેલ મિલ્કતનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી જણાવું છું કે, તમોએ મારા સમક્ષ રજુ કરેલ ફાઈલમાં નીચેની વિગતે ડોકયુમેન્ટ આવેલા છે. અને તેનો ઉતરોતર ઈતિહાસ નીચે મુજબ છે.

ઉપરોકત મિલ્કતવાળી કુલ જમીન ચો.ગજ ૬૩૭૦૦.૦૦ વાળી સમગ્ર સ્થાવર મિલ્કત શ્રી રતીલાલ જાદવજીભાઈ ગણાત્રા તેમજ શ્રી નારણદાસ વિઠલજીભાઈ તેમજ શ્રી ગાંગજી કોરજીએ સંયુકત રીતે સરકારશ્રી પાસેથી જાહેર હરરાજીમાં વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ જમીનમાં ઉપરોકત સહમાલિકોએ અનું.નં.૫૯૬ તા.૧૯/૦૯/૧૯૫૧ના રોજના રજી.વહેંચણી દસ્તાવેજથી વહેંચણી કરેલ. અને તે મુજબ સદરહુ સમગ્ર સ્થાવર મિલ્કત પૈકી જમીન ચો.ગજ ૩૧૮૫૦ વાળી સ્થાવર મિલ્કત શ્રી રતીલાલ જાદવજીભાઈ ગણાત્રાના ભાગે આવેલ. અને તે મુજબ શ્રી રતીલાલ જાદવ ભાઈ ગણાત્રાના નામની સરકારશ્રી તરફથી સનંદ મળેલ. અને તે મુજબ તેઓના નામની સીટી સર્વે કચેરી વેરાવળમાં નોંધ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.ગજ ૩૧૮૫૦ વાળી સ્થાવર મિલ્કત શ્રી રતીલાલ જાદવજીભાઈ ગણાત્રા પાસેથી અનું.નં.૫૯૮ તા.૧૯/૦૫/૧૯૫૧ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી શ્રી વૃજલાલ જાદવજીભાઈએ વેચાણ રાખેલ. જેની સીટી સર્વે કચેરી વેરાવળમાં નોંધ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.ગજ ૩૧૮૫૦ વાળી સ્થાવર મિલ્કત શ્રી વૃજલાલ જાદવજીભાઈ પાસેથી અનું.નં.૧૯૨ તા.૧૨/૦૪/૧૯૫૨ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી શ્રીમતી સવિતાબેન મગનલાલએ વેચાણ રાખેલ. જેની સીટી સર્વે કચેરી



HASMUKH D. LAKHANI VERAVAL ADVOCATE

HASMUKH D. LAKHANI
B. Com. LL.B., Advocate (Gujarat High Court)
Mob. 92272 41851 - 94288 41851
Vinayak Plaza-1, 2nd Floor, Office No. 32, Opp. Municipality, Rajendrabhuvan Road,
Veraval-362 265 Dist. Gir Somnath Tel. (02876) 241851 E-mail : lakhanihasmukh@yahoo.com



વેરાવળમાં નોંધ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.ગજ.૭૯૬૨ વાળી સ્થાવર મિલ્મત શ્રીમતી સવિતાબેન મગનલાલ પાસેથી અનું.નં.૮૬૪ તા.૧૯/૦૯/૧૯૬૦ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી તારામતી ભગવાનદાસે વેચાણ રાખેલ. જેની સીટી સર્વે કચેરી વેરાવળમાં નોંધ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન પૈકી ચો.ગજ ૩૦૦૦ વાળી સ્થાવર મિલ્કત તારામતી ભગવાનદાસે અનું.નં.૧૦૭૩ તા.૨૪/૧૨/૧૯૬૨ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી પરસોતમ શામજીએ વેચાણ રાખેલ. જેની સીટી સર્વે કચેરી વેરાવળમાં નોંધ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.ગજ ૩૦૦૦ વાળી સ્થાવર મિલ્કત પરસોતમ શામજી અનું.નં.૯૩૨ તા.૨૩/૦૯/૧૯૬૩ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી મણીબેન તુલસીદાસ તેમજ નાથાલાલ તુલસીદાસ તેમજ વીઠલદાસ તુલસીદાસે તેમજ મથુરાદાસ તુલસીદાસે વેચાણ રાખેલ. જેની સીટી સર્વે કચેરી વેરાવળમાં નોંધ થયેલ છે.ત્યારબાદ સદરહુ જમીન ચો.ગજ ૩૦૦૦ વાળી સ્થાવર મિલ્કત મણીબેન તુલસીદાસે પોતાનો હકક હીસ્સો અનું.નં.૧૪૬૪ તા.૨૩/૦૯/૧૯૬૩ના રોજના રજી.ફારગતી દસ્તાવેજથી નાથાલાલ તુલસીદાસ તેમજ વીઠલદાસ તુલસીદાસે તેમજ મથુરાદાસ તુલસીદાસની તરફેણમાં ઉઠાવી લીધેલ. જેથી સદરહુ જમીન ચો.ગજ ૩૦૦૦ વાળી સ્થાવર મિલ્કત નાથાલાલ તુલસીદાસ તેમજ વીઠલદાસ તુલસીદાસે તેમજ મથુરાદાસ તુલસીદાસની સંયુકત કબજા ભોગવટા અને માલીકીની બનેલ. ત્યારબાદ ઉપરોકત માલીકો પૈકી નાથાલાલ તુલસીદાસનું અવસાન થતા તેઓને કરેલા તા.૦૯/૦૫/૧૯૮૦ના રોજના વિલના આધારે સદરહુ જમીન શાંતાબેન નાથાલાલ તન્નાને પ્રાપ્ત થયેલ છે. ત્યારબાદ સદરહુ મિલ્કત પૈકી ચો.ગજ ૧૫૦૦ ચો.મી.૫૫૭.૬૨ વાળી સ્થાવર મિલ્કત (૧) વિઠલદાસ તુલસીદાસ તન્ના તેમજ (૨) મથુરાદાસ તુલસીદાસ તન્ના તેમજ (૩) શાન્તાબેન નાથાલાલ તન્ના પાસેથી અનું.નં.૯૫૩ તા.૨૯/૦૩/૧૯૮૯ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી (૧) નવીનચંદ્ર પ્રેચચંદ સાંગાણી તેમજ (૨) અમૃતલાલ બાવનભાઈ જોષીએ વેચાણ રાખેલ.ત્યારબાદ અમૃતલાલ બાવનભાઈનું અવશાન થતા. તેઓએ તા.૦૪/૦૪/૧૯૮૯ના રોજના વિલના આધારે મીનાબેન ભરતકુમાર જોષીને પ્રપ્ત થયેલ. જેથી સદરહુ ચો.ગજ ૧૫૦૦ ચો.મી.૫૫૭.૬૨ વાળી સ્થાવર મિલ્કત નવીનચંદ્ર પ્રેમચંદ સાંગાણી તેમજ મીનાબેન ભરતકુમાર જોષીના સંયુકત કબજા ભોગવટા અને માલીકીની બનેલ. ત્યારબાદ સદરહુ ચો.ગજ ૧૫૦૦ ચો.મી.૫૫૭.૬૨ પૈકી દક્ષિણ તરફની જમીન ચો.મી.૨૭૧.૧૬ માં આવેલ જુનાવાણી મકાનવાળી સ્થાવર મિલ્કત ભાડુતો સહીત નવીનચંદ્ર પ્રેમચંદ સાંગાણી તેમજ મીનાબેન ભરતકુમાર જોષી પાસેથી અનું.નં.૧૦૮૧ તા.૧૮/૦૩/૨૦૧૦ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી રામભાઈ ધાનાભાઈ બારડએ

(૩)

HASMUKH D. LAKHANI VERAVAL ADVOCATE

**HASMUKH D. LAKHANI**
*B. Com. LL.B., Advocate (Gujarat High Court)*
*Mob. 92272 41851 - 94288 41851*
Vinayak Plaza-1, 2nd Floor, Office No. 32, Opp. Municipality, Rajendrabhuvan Road,
Veraval-362 265 Dist. Gir Somnath Tel. (02876) 241851 E-mail : lakhanihasmukh@yahoo.com



વેચાણ રાખેલ. ત્યારબાદ રામભાઈ ધાનાભાઈ બારડએ સદરહુ મિલ્કતમાં આવેલ અમુક ભાડુતોને ખાલી કરાવી અને અમુક ભાડુતોને નવી દુકાનો બનાવી આપવાની શરતે જુનવાણી મકાન પાડી સદરહુ મિલ્કત ખુલ્લી કરી નાખેલ. ત્યારબાદ સદરહુ મિલ્કતની રામભાઈ ધાનાભાઈ બારડએ સીટી સર્વે કચેરી મારફત સ્થળ માપણી કરાવેલ છે. અને સદરહુ જમીન ચો.મી.૨૭૧.૧૬ માં રામભાઈ ધાનાભાઈ બારડએ વેરાવળ–પાટણ સંયુકત નગરપાલિકા કચેરીમાંથી ઓનલાઈન બાંધકામ પરવાનગી ચીઠી નં.VPADA/26-06-2019/1255157/01/007599 તા.૩૦/૦૮/૨૦૧૯ ના રોજ બાંધકામ મંજુરી મેળવેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.મી.૨૭૧.૧૬ ખુલ્લા પ્લોટમાં બાંધકામની મંજુરી મુંજબ બાંધકામ કરવાના હકકો સાથે રામભાઈ ધાનાભાઈ બારડ પાસેથી અનું.નં.૫૯૨૪ તા.૦૭/૧૦/૨૦૧૯ના રોજના રજી.વેચાણ દસ્તાવેજથી હાલના માલિકો અભય ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) કમલેશ નંદલાલ ગઢીયા રહે. વેરાવળ (૨) પ્રકાશ રમેશભાઈ તન્ના HUF ના કર્તા પ્રકાશ રમેશભાઈ તન્ના રહે. વેરાવળએ વેચાણ રાખેલ. જેની સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડમાં નોંધ કરાવવા અરજ–અહેવાલ કરેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ચો.મી.૨૭૧.૧૬ માં અભય નામનું બહુમાળી બિલ્ડીંગ બનાવવાનું ચાલુ કરેલ.

ઉપરોકત રીતે છેલ્લા ૩૧ વર્ષથી વધુ સમયના ઉતરોતર ટાઈટલ તપાસતા ઉતરોતર કડી મળી આવે છે. સદરહુ મિલ્કતના ઉપરોકત ટાઈટલ કલીયર ડોકયુમેન્ટસ આવેલા છે. જે નીચે મુજબ છે.

૧. અનું.નં.૫૯૨૪ તા.૦૭/૧૦/૨૦૧૯ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ અસલ તથા તેની પહોંચ અસલ
૨. અનું.નં.૧૦૮૧ તા.૧૮/૦૩/૨૦૧૦ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ અસલ તથા તેની પહોંચ અસલ
૩. તા.૦૪/૦૪/૧૯૮૯ના રોજનુ વીલની નકલ
૪. અનું.નં.૯૫૩ તા.૨૯/૦૩/૧૯૮૯ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ ઝેરોક્ષ
૫. તા.૦૯/૦૫/૧૯૮૦ના રોજનું વીલની નકલ
૬. અનું.નં.૧૪૬૪ તા.૦૬/૦૯/૧૯૬૫ના રોજનું રજી.ફારગતી દસ્તાવેજ ઝેરોક્ષ
૭. અનું.નં.૯૩૨ તા.૨૩/૦૯/૧૯૬૩ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ ઝેરોક્ષ
૮. અનું.નં.૧૦૭૩ તા.૨૪/૧૨/૧૯૬૨ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ ઝેરોક્ષ
૯. અનું.નં.૮૬૪ તા.૧૯/૦૯/૧૯૬૦ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજની કાચી નકલ

(૪)

HASMUKH D. LAKHANI
VERAVAL
ADVOCATE

**HASMUKH D. LAKHANI**
*B. Com. LL.B., Advocate (Gujarat High Court)*
*Mob. 92272 41851 - 94288 41851*
Vinayak Plaza-1, 2nd Floor, Office No. 32, Opp. Municipality, Rajendrabhuvan Road,
Veraval-362 265 Dist. Gir Somnath Tel. (02876) 241851 E-mail : lakhanihasmukh@yahoo.com



૧૦. અનું.નં.૧૯૨ તા.૧૨/૦૪/૧૯૫૨ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજની ખરીનકલની ઝેરોક્ષ
૧૧. અનું.નં.૫૯૮ તા.૧૯/૦૯/૧૯૫૧ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજની ખરીનકલની ઝેરોક્ષ
૧૨. અનું.નં.૫૯૬ તા.૧૯/૦૯/૧૯૫૧ના રોજનું રજી.વેચાણ દસ્તાવેજ ઝેરોક્ષ
૧૩. વેરાવળ–પાટણ એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટી પાસેથી મેળવેલ બાંધકામ પરવાનગી ચીઠી નં.VPADA/26-06-2019/1255157/01/007599 તા.૦૩/૦૮/૨૦૧૯ની નકલ
૧૪. બાંધકામનો મંજુર થયેલ નકશો
૧૫. પ્રોપટીકાર્ડની નકલો
૧૬. એફ ફોર્મની નકલ
૧૭. હાઉસ ટેક્ષ ભર્યાની પહોચ

આ રીતે ઉપરોકત વિગતના તમામ ડોકયુમેન્ટને તપાસતા ઉતરોતર કળી મળી આવે છે. તેમજ સદરહુ મિલ્કત અંગે સબ રજીસ્ટ્રાર કચેરી વેરાવળમાં ૧૯૮૯ થી ૨૦૧૯ સુધી ઈન્ડેક્ષ–૨ ની શોધ અરજી નં.૫૬૯૧ થી પહોંચ નં.૨૦૧૯૦૬૩૦૧૨૩૫૦ થી તા.૧૫/૧૧/૨૦૧૯ના રોજ શોધ કરતા કોઈપણ વાંધાજનક નોંધ મળી આવેલ નથી. શોધની અસલ પહોંચ આ સાથે રજુ કરેલ છે. ઉપરોકત વર્ણનવાળી મિલ્કત ઉપર ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપ.બેંક લી.વેરાવળનો બોજો છે. તે સિવાય સદરહુ મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નથી. આ રીતે સદરહુ મિલ્કત ટાઈટલ કલીયર, લોનેબલ અને માર્કટેબલ તથા કોઈપણ પણ પ્રકારના કર્જ કે બોજાથી મુકત છે.તેવો હું અભિપ્રાય આપું છું અને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી આપું છું.

સ્થળ : વેરાવળ
તારીખ : ૧૫/૧૧/૨૦૧૯

HASMUKH D. LAKHANI
VERAVAL
ADVOCATE

..............................
હસમુખ ડી.લખાણી
એડવોકેટ
બાર કાઉન્સીલ ઓફ ગુજરાત
રજી.નં.જી/૪૨૧૯/૧૯૯૯

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : TP 1 અંતીમ ખંડ 68 બ્લોક જુ.દ.બ. સીટી સર્વે નં 24 પૈકી ચો.મી 271-16

Search in : વેરાવળ /VERAVAL

પહોંચ નંબર ૨૦૧૯૦૬૩૦૧૨૩૫૦ અરજી નંબર ૫૬૯૧ અરજી વર્ષ ૨૦૧૯

તારીખ ૧૫ માહે નવેમ્બર સને ૨૦૧૯

રજુ કરનારનું નામ હસમુખ ડી.લખાણી એડવોકેટ વેરાવળ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................................. | |
| નકલ કરવા ની ફી સાઇંડ / ફોલીયો................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી............................................. | |
| ટપાલ ખર્ચ............................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 1989 2019 | ૩૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫.............................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................... | |
| નકલ ફી ફોલીયો........................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ............................................................ | |
| કુલ એકંદરે રૂ. | ૩૨૦.૦૦ |

અંકે રૂપીયા ત્રણ સો વીસ પુરા

દસ્તાવેજ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF SUB RAGISTRAR સબ રજીસ્ટ્રારની ઓફીસ વેરાવળ VERAVAL

M.B. CHAVDA
સબ રજીસ્ટ્રાર
વેરાવળ